04

યક્ષ પૂછે છે –
“સૌથી મોટો રોગ કયો છે ?”

યુધિષ્ઠિર જવાબ આપે છે –
“લાલચ.”

થોડી ક્ષણ વિચારીએ …
લાલચ એટલે વધુ જોઈએ , હંમેશા વધુ .
પૈસા વધુ , પદ વધુ , વખાણ વધુ , સત્તા વધુ …
પણ પ્રશ્ન એ છે —
વધુ લીધા પછી શું મન સંતોષ પામે છે ?

એક મોબાઇલ perfectly કામ કરે છે ,
પણ નવો મોડલ આવ્યો એટલે લાલચ …
લોન , EMI, ટેન્શન …
સુખ થોડા દિવસ ,
પણ ચિંતા લાંબા સમય માટે .

લાલચ શરીરનો રોગ નથી ,
એ તો મનનો રોગ છે .
અને મન બીમાર થાય
તો આખું જીવન અસર પામે .

ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન વૈજ્ઞાનિક ડૉ . કલામ સાહેબનું જીવન ખૂબ જ સાદું હતું .

એક વખત એક પત્રકારએ તેમને પૂછ્યું –
“તમે ભારતના રાષ્ટ્રપતિ રહી ચૂક્યા છો , વિશ્વભરમાં માન -સન્માન મળ્યું છે …
પણ તમારી પાસે તો ન ઘર છે , ન મોટી સંપત્તિ . કેમ ?”

ડૉ . કલામ સ્મિત સાથે બોલ્યા –

“મને જે જોઈએ છે તે મારા પાસે છે —
જ્ઞાન , વિદ્યાર્થીઓનો પ્રેમ અને દેશની સેવા કરવાની તક .”

તેમણે ક્યારેય સંપત્તિ એકત્ર કરવાની લાલચ રાખી નહીં .
તેમના માટે સૌથી મોટી સંપત્તિ હતી — જ્ઞાન અને સેવા .

 વિચાર કરો …
લાલચ ન હોવાને કારણે
ડૉ . કલામ પાસે કદાચ પૈસા ઓછા હતા ,
પણ માન-સન્માન અને પ્રેમની સંપત્તિ અનંત હતી .

લાલચ આપણને કહે છે –
“હજુ પૂરતું નથી .”

સંતોષ આપણને કહે છે –
“જે છે , એ જ પૂરતું છે .”

જે દિવસે લાલચ પર જીત મેળવી ,
એ દિવસે તમે
રોગ નહીં ,
રાજા બની જશો .

 આજે એક પ્રશ્ન પોતાને પૂછજો :
“મારે ખરેખર શું જોઈએ છે —
વધુ કે સંતોષ ?”